સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

લાલુ લલિતા જેવાં ગુનેગારો ખૂલ્લાંમાં ફરે છે,
વીઆઈપી કલાકારોની કાયદો સેવા કરે છે,
ભરે છે કુર્નિસ ન્યાય પણ એમની ખડે પગે-
અહીં નથી કોઈ ગરીબોનું, કચડાઈ મરે છે..
(તત્કાલ જામીન)

હાઈકુ

પબ્લીક પાડે!
'અમારા માટે નથી-'
પાર્કિંગ સેન્સ!!
(નોનસેન્સ ચોકીદાર)

ચીની ઉજાણી-
પછી, લ્યો! હવે પીઓ!!
ટેન્કરે પાણી..
(પૈસાનો ખોટો વેડફાટ)

ચિંતન

ગણેશઃ સ્તૌતિ માર્જારં સ્વવાહનસ્યભિરક્ષણે મહાનાપિ પ્રસંગેન નીચં સેવિતુમિચ્છતિ ॥

'ભગવાન શ્રી ગણેશને પણ, પોતના વાહન ઉંદરના રક્ષણ માટે બિલાડીને પણ પ્રાર્થના વિનંતી કરવી પડે! ખરેખર! પ્રસંગ પડે અને જરૂરિયાત ઉભી થાય-મોટા માણસને પણ નાના-નીચ જેવા માણસની પણ સેવા-પૂજા-પ્રાર્થના-વિનંતી કરવી પડે! કહ્યું છે ને કે ગરજે ગધ્ધાજીને પણ પિતાજી કહેવો પડે!'

જેમની પાસે સત્તા અને શકિત હોય એની પાસે સદ્‌ગુણ-મહાનતા-સારો સ્વભાવ કંઈ જ કામ આવતું નથી-કહેવાય છે સત્તા પાસે શાણપણ નકામું છે. આજના યુગમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓના કૌભાંડ લાયકાત વિન માણસોની લાગવગ દબાણ અને સરકારી નિયમો અનુસાર 'અનામત' વ્યવસ્થાઓ મુજબ કોઈ પણ પદ પર કોઈ પણ માણસ બેસી જાય છે અને પ્રજા સદ્‌ગુણી-લાયક હોય છતાં આવા સત્તાધીશોને આજીજી-વિનંતી-પ્રાર્થના કરવી પડે છે.

અહીં આ વાત સમજાવવા રમૂજ ખાતર ગણેશજીનું દૃષ્ટાંત આપવામાં આવ્યુ છે.

સુવિચાર

- દરેક જણે પોતાની ચોકકસ સમજણને પોટલામાં કસીને બાંધી રાખી છે, એક પણ ગાંઠ ઢીલી કરતા નથી, પોતાની સમજણનો ભાર એટલો વધી ગયો છે કે હંમેશા અકકડ રહેવાય છે, અકકડ ચલાય છે, અકકડ જીવાય છે - રાજેશ વ્યાસ
- 'હલવું નહીં, હલાવવું નહીં' સુખી થવાની એક ચાવી છે, જે દિવસે હલવાનું અને હલાવવાનું બંધ કરીને સ્થિર થઈ જઈએ છએ ત્યારે આપણી અને પરમ ચૈતન્ય વચ્ચેનું અંતર શુન્ય થઈ જાય છે - ઓશો
- ડાબું હોય કે જમણું ફેર શું પડે નિંદરમાં? સપના કેવળ સપના આખ્ખા જીવતરમાં... સાવ અભણ તે કાનો માતર છોડી ઉપનિષદ વાંચ્યું...મંદિરમાં મેં દુકાન ખોલી, દુકાનમાં મંદિર બાંધ્યું. - રાજેશ વ્યાસ
- આદર્શ કોઈ રાખવો હોય તો તે જનકરાજાનો રાખવા જેવો છે, ન ભોગ, ન ત્યાગ, બધું ખરૂ છતાં નહીં, માત્ર દૃષ્ટા ભાવ - એસ. ભટ્ટાચાર્ય
- ભકિતની વાતો સાંભળીએ, ચમત્કારોનાં વર્ણન વાંચીએ અને આપણને પણ થાય કે લાવોને આપણેય ભકિત કરી જોઈએ... તો એ સાચી ભકિત નથી, ખરેખર જો કોઈ તીવ્ર તાલાવેલી જાગી ન હોય તો ભકિત દંભ બની જાય છે - રજનીશ
- સુખ માગો કે ધ્યાન, તરત દેખાય દુકાનો પર વેચાતું, ભીતર જેની ભૂખ રહે છે એ જ બધે બાહર દેખાતું... - હરીન્દ્ર દવે
- દાની, જ્ઞાની, ત્યાગી અને વેરાગી એ સર્વેના પાયામાં 'નમ્રતા' રહેલી છે. - વિદૂર

(સંકલન : શ્રી દિપક વી. આસરા)

બોધ કથા

ઘણીવાર માણસોને એમની રીતે જ એમનો અભ્યાસક્રમ ભણાવવો પડે-ત્યારે જ સમજે.

અલીની ફ્રૂટની દુકાન હતી-મિત્ર નસીરૂદ્દીન મુલ્લાં કાયમ તેની મજાક ઉડાવતો-આજે અલીને થયું મુલ્લાંની મજાક કરું.

મુલ્લાં ફાટલી-તૂટલી થેલી લઈ અલીની દુકાને કેળાં લેવા આવ્યા. અલીને ભાવ પૂછયો અલી કહે તમારાથી કંઈ ભાવ થાય-આની કિંમત 'કંઈ નથી' લેવાં હોય એટલાં લઈ લ્યો ને!

નસીરૂદ્દીને છ કેળાં લીધાંને મિત્ર અલી સાથે ગામ ગપાટે વળગ્યા-વાતવાતમાં છ એ છ કેળાં ત્યાં ને ત્યાં ખાઈ ગયા..વાત પૂરી થઈ-મુલ્લાં જવા લાગ્યા-અલી એ મુલ્લાંને હાથ પકડી ઉભા રાખ્યા 'મુલ્લાં, કેળાંના પૈસા તો આપતા જાવ!' અલીએ કહ્યું.

મુલ્લાં કહે-તમે તો કહ્યું હતું ને કેળાની કિંમત 'કંઈ નથી' અલીએ ખંધાઈથી કહ્યું એ 'કંઈ નથી' તો આપતા જાવ!

મુલ્લાં લુચ્ચાઈ તરત સમજી ગયા-ખાલી થેલી બતાવી પૂછયું-અલી, આમાં શું છે? અલી કહે 'કંઈ નહીં'. મુલ્લા કહે તો એ 'કંઈ નહીં' રાખ તું 'કેળાની કિંમત' એમ કહી ફાટેલી થેલી પકડાવી દીધી!

Email - sureshchandrabhatt18@gmail.com

'આર.આર. શેઠની કું.' દ્વારા પ્રકાશિત જાણીતા ગઝલકાર ડો. મુકેશ જોષીના ગઝલ સંગ્રહ 'ક્ષણોની મહેફિલ'નું તાજેતરમાં થયેલ લોકાર્પણ

સમાચાર સેતુ

ગાંધીનગર સાહિત્ય સભા આપણા નગરની એકમાત્ર સક્રિય એવી સાહિત્યિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી, માતૃભાષા ગુજરાતીના સાહિત્યને હરપળ-હરઘડી, ધડકતું અને ધબકતું રાખી, તેને જીવંત અને મહેંકતું રાખવા પ્રતિબદ્ધ છે, જે અન્વયે 'સર્જકની કેફિયત' કાર્યક્રમ અંતર્ગત તા. ૧૦-૫-૨૦૧૫ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ વાગે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ગાંધીનગર ખાતે જાણીતા ગઝલકાર ડો. મુકેશ જોષી કે જેઓના 'આર.આર. શેઠની કું.' દ્વારા પ્રકાશિત ગઝલ સંગ્રહ 'ક્ષણોની મહેફિલ'નું તાજેતરમાં લોકાર્પણ થયેલ છે તે ગઝલોનો, તેઓશ્રીના સ્વમુખે પઠનનો કાયક્રમ સંસ્થાના પ્રમુખશ્રી ભરત કવિના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ છે. તો ગઝલકાર ડો. મુકેશ જોષીની ગઝલોને તેમની આગવી શૈલી અને અનોખી વાણીમાં 'સ્વમુખે પઠન'ને માણવા અચુક પધારવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો-ભાવકો તથા ગાંધીનગર સાહિત્ય સભાના સર્વે માનવંતા સભ્યોને હાર્દિક જાહેર નિમંત્રણ છે.

સંતવાણી

આતમ અનુભવ જ્ઞાનકી, જો કોઈ પૂછે બાત,
સો ગૂંગા ગુડ કાઈ કે; કહે કૌન મુખ સ્વાદ!?

- કબીર

ગઝલ સેતુ

કોણ દે

કોકિલ થી સાદ પાછો કોણ દે
ગુંજ થઈ આલાલ મીઠો કોણ દે
વાંસળી મીઠી બજી ચારે તરફ
કહાનનો એ સાદ મીઠો કોણ દે
તો ય તું ના પાડતી ના બોલશો
આંસુ થૈ ને સાદ ભીનો કોણ દે
હર ઘડી ખીલી વસંત પુષ્પ થઈ
કારણ વિના સાદ પાછો કોણ દે
જિંદગીભર સાદ એ શોધ્યા કર્યો
એ અનાહ્‌ત નાદ પાછો કોણ દે

- ડો. પ્રદીપ આઝાદ

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ, મૂળજીભાઈ પરમાર 'દધિ'

કાવ્ય સેતુ

મૃત્યુ થૈ વહી જઈશ

ભલેને નડે બંધનો, હું તો વહીશ ઝરણાધાર,.
નભ ધરા એક કરવા, લઈશ ક્ષિતિજ આધાર!
બસ ઓગળી જઈને વહીશ, થઈને એકધાર,
અગરબત્તીની જેમ પ્રજળીને, થૈશ ધૂંવાધાર!
વહીશ ખળખળ નદી થૈ, ભલે નડે તોતીંગ પ્હાડ,
પંડનો પડછાયો દૂર કરી, લૈશ નહીં તેની આડ!
મજધારે જઈ ડૂબકી મારી, ભરીશ દરિયે બાથ,
દધિ અંધારે ખાબકયે, ભલે પડછાયો ન આપે સાથ!
જીવન થઈ જીવતો રહ્યો, મૃત્યુ થૈ વહી જઈશ,
ગગન આજ નાનું પડે, સુગંધમાં ભળી જઈશ!

- મૂળજીભાઈ પરમાર 'દધિ'

વારસદાર

(ભેટે ઝુલે છે... પ્રતિકાવ્ય)

ભીંતે ઝૂલે છે તસવીર
ચાચાજી કેરી ભીંતે ઝૂલે છે,
હૈયે ઝૂલે છે તસવીર
સરદાર કેરી હૈયે ઝૂલે છે...
ગાંધી બાપૂને બેની બે બે કુંવિયા
જવાહર-વલ્લભ છે નામ... સરદાર કેરી..
બેઉ કુંવરિયા બેરિસ્ટર બનિયાં,
બેઉનો નોખો વ્યવહાર..સરદાર...
જવાહર ચડયા કાંઈ હેમ સિંહાસને,
વલ્લભ તલવારની ધાર.... સરદાર...
જવાહરને શોભે જાકિટ-ગુલાલ
વલ્લભનાં સાદા પરિધાન... સરદાર...
જવાહરને નશો અમલ-અમનનો
વલ્લભ સેવા અવતાર... સરદાર..
જવાહરે ભારતના ટૂકડાં ખેરવ્યા,
વલ્લભથી રજવાડાં સંધાય...સરદાર...
જવાહરની પ્રેમ-ગાથા જગ જાહેર છે,
વલ્લભ મર્યાદા રામ... સરદાર...
જવાહરનાં વંશજો ખુરશીએ ચડતાં,
વલ્લભનાં ઠાલાં ઠેબા ખાય... સરદાર...
જવાહર પૂરવાર થયા ફટકિયું મોતી,
વલ્લભ તો રતન લેખાય... સરદાર...
જવાહરનું મોત દેશવાસીએ જાણીયું,
વલ્લભ તો પ્રેમે પૂજાય..
સરદાર કેરી હૈયે ઝૂલે છે...

- કુંદન દવે

કરામત

એ કહે છે
આ તો કરામત છે
આંગળી અને અંગૂઠા વચ્ચે કલમ પકડવાની
જેમ આંગળી અને અંગૂઠાથી
ચપટી વગાડીએ અને
રમાડીએ રીસાયેલા બાળકને
કંઈક એવી તો નથી ને આ કરામત
રીસાયેલી ઊર્મીઓને
શૂન્યતાઓથી ભરી દેવાની
કે પછી
આંગળી અને અંગૂઠાથી સાણસી
પકડવાની છે આ કરામત?
વરાળ નીકળતા અશ્રુઓને પકડવાની
ઉની ઉની લાયને પકડવાની કે પછી
સપનાના ઉભરાતા દૂધને
દોડીને ઠારવાની કરામત.
આ આ કરામત છે આંગળી અને
અંગૂઠાથી સોયને દોરો પકડવાની
તૂટેલા સ્પંદનો સાંધવાનીને
વિસરાતા ઉમળકા જોડવાની

- સ્વાતિ શુક્લ 'મૈત્રેયી'

ધર્મ કદી વિવાદ કરવાનું ન શિખવાડે, વિવાદ કરાવે એ કદીય ધર્મ ન હોય, પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે આપણે ત્યાં ધર્મના નામે જેટલા વિવાદો, વિખવાદો અને વિસંવાદો થયા છે એટલા બીજા કોઇ કારણે થયા નથી

ભગવા અને શ્વેત અહંકારોથી ચેતીએ
રોહિતોપદેશ

- રોહિત શાહ

કવિ ચંદ્રેશ મકવાણાની ગઝલનો એક શેર છે :

"વેંત ઊંચી વાડ છે વિખવાદની,
આપણાથી એય ઠેકાતી નથી!"

વિવાદ અને વિખવાદની ક્ષણે આપણે કેવું બિહેવ કરીએ છીએ એના આધારે જગતને આપણું કેરેકટર-સર્ટીફિકેટ મળી જતું હોય છે.

સંઘર્ષને ઓળંગી જવાનું જરાય અઘરું નથી હોતું, પરંતુ એમાં આપણા અહંને કારણે સંવાદને પણ આપણે વિવાદ બનાવી મૂકીએ છીએ અને અહંને વેગળો રાખી શકીએ તો વિવાદ પણ સંવાદ બની રહે છે. વિવાદ-વિખવાદની વાડ, કવિ કહે છે, વેંત જેટલી જ ઊંચી છે, પરંતુ આપણો અહમ્ પહાડ જેવડો હોય છે એનું શું કરવું?

ભજનમાં આપણે ગાઇએ છીએ કે 'ગરવ કિયે સોઇ નર હાર્યો...' પણ ગર્વ કરવામાં એમ ક્યાં છૂટે છે? પરાજય મળે તો ભલે, બરબાદ થઇ જઇને તો ભલે, પણ હું શા માટે નમતું મૂકું? - એવી વૃત્તિના ગર્ભમાંથી પ્રત્યેક પાપનો પ્રસવ થતો હોય છે. તુલસીદાસજીએ એટલે જ તો ગાયું છે કે 'દયા ધરમ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન.'

આપણે આપણા રોજિંદા વ્યવહારમાં એક ભૂલ હંમેશાં કરીએ છીએ. વ્યક્તિના બાહ્ય વર્તન પરથી તેને ઓળખવા-સમજવાની ઉતાવળ કરીએ છીએ. વર્તનનો સૂત્રધાર તો વૃત્તિ છે. જેવી વૃત્તિ હશે એવી પ્રવૃત્તિ માણસ કરતો હશે.

થોડા વખત પહેલાં કવિ ઉમાશંકર જોશીની જન્મ શતાબ્દીના પ્રસંગે આયોજિત એક સમારોહમાં તેમનાં કેટલાક પત્રોનું પઠન થયું. એ પઠન સાંભળ્યા પછી સ્મરણને આધારે વાત કરું છું. ઉમાશંકરે એક પત્રમાં એમ લખ્યું હતું કે સીતાજીએ પોતાના પતિ માટે સમર્પિત થઇને આદર્શ નારીનું સન્માન મેળવ્યું, જયારે મીરાબાંઇએ પોતાના પતિથી વિરુદ્ધ ચાલીને ઉત્તમ નારીનું ગૌરવ મેળવ્યું. એ જ રીતે શ્રવણને તેની પિતૃભક્તિના કારણે આપણે આદર્શ પુત્ર તરીકે ઓળખ્યો, જયારે ભકત પ્રહલાદને મક્કમપણે તેના પિતાની વિરુદ્ધ જવાના કારણે આપણે આદર્શ પુત્ર માન્યો. આવાં ઉદાહરણો દ્વારા એટલું સમજાય છે કે કોઇ પણ વ્યક્તિના સ્થૂળ વ્યવહારની પાછળ તેની સિદ્ધાંતનિષ્ઠા કેવી છે એના આધારે એનું મૂલ્યાંકન જગત કરતું હોય છે.

એક મજાનું સુભાષિત છે : 'નમન નમન મેં ફેર હૈ, બહુત નમે નાદાન.' એમાં ઉદાહરણો પણ આપેલા છે. ત્રણ જણા ખૂબ નમે છે - વળે છે : ચિત્તો, ચોર અને કમાન (તીર - કામઠાની કમાન), પરંતુ એમનું નમન દગાબાજ છે. એ નમનમાં નમ્રતા નથી, લુચ્ચાઇ છે. ચિત્તો જયારે કોઇ શિકાર કરવાનો હોય ત્યારે લપાઇ છુપાઇને, નમીને પછી લાંબી છલાંગ તરાપ મારે છે. ચોરને કોઇ ઘરમાં ચોરી કરવા જવાનું હોય ત્યારે એણે કાંઇ મુખ્ય પ્રવેશદ્વારમાંથી થોડું થોડું અંદર જવાનું હોય? એ તો દિવાલમાં નાનું બાકોરું પાડીને એમાંથી વાંકો વળીને, નમીને અંદર ઘૂસે છે. ધનુષમાંથી જયારે તીર છૂટે એ પહેલાં એની પણછ ખેંચાય છે, કમાન વળે છે. એની નમ્રતા ઘાતક હોય છે. સંસારમાં કશાય કારણ વગર લળી-લળીને આપણને સલામ ભરનારાઓથી અવશ્ય ચેતવું જોઇએ.

ઇન શોર્ટ, બહારનું બિહેવિયર આપણને ગુમરાહ કરનારું હોઇ શકે છે. આપણે જાણીએ છીએ કે આપણાં મંદિરોમાં 'બલિ' ચડાવવામાં આવતો હતો. નિર્દોષ પ્રાણીઓનો અને ક્યારેક તો બત્રીસ લક્ષણા દીકરાઓનો પણ બલિ ચડાવી દેવામાં આવતો હતો. કસાઇના કતલખાનામાં કોઇ પ્રાણીની હિંસા થાય તો એ પુણ્ય ગણાય? તમે એવું ક્યાંક જોયું કે સિંહ અને ગજરાજનો બલિ ચઢાવાયો હોય? બલિ કાં તો નબળાનો જ ચઢતો, કાં તો બત્રીસલક્ષણા પુરુષનો થતો. ધર્મ અને અધર્મમાં આ સમીકરણો આપણે હજીય સમજી નથી શક્યા. હજી આજના યુગમાં પણ 'બલિ'ના બહાને ઘોર ક્રૂરતા આચરવામાં આવતી હોય છે. ઇશ્વર અને ખુદા અને ગોડ અને તીર્થંકર અને પ્રભુ અને પરમાત્મા શું આ રીતે રીઝે? શું એ આવાં ધતિંગોથી પ્રસન્ન થાય? વિસ્મત અને આઘાત તો એ વાતનાં થાય કે જયારે કોઇ માણસનો બલિ ચડાવવાનો હોય ત્યારે તે બત્રીસ લક્ષણો એટલે કે સર્વગુણ સંપન્ન હોય તેવી વ્યક્તિની પસંદગી થતી, કારણ કે આવા ધતિંગો કરવામાં મેઘાવી અને પ્રજ્ઞાવાન લોકો જ વિરોધ કરે ને! એટલે તેમનો જ બલિ ચડાવી દેવાનો! પાખંડી ગુરુઓ આમ કરીને પોતાના પાખંડના માર્ગના અંતરાયો - અવરોધો દૂર કરવા ઝંખતા હશે?

ધર્મ કદી વિવાદ કરવાનું ન શિખવાડે. વિવાદ કરાવે એ કદીય ધર્મ ન હોય, પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે આપણે ત્યાં ધર્મના નામે જેટલા વિવાદો, વિખવાદો અને વિસંવાદો થયા છે એટલા બીજા કોઇ કારણે થયા નથી. ભગવા અને શ્વેત અહંકારોએ આપણા અધ્યાત્મજગતને અંધકારનો કારાવાસ આપવામાં કોઇ કસર નથી છોડી. બીજાના ધર્મને નીચો ગણવો એનાથી મોટો અધર્મ વળી બીજો શો હોય? બીજાના ધર્મને સન્માન આપવાનું સમજાય તો નો પ્રોબ્લેમ.

મેરીટલ રેપ : લગ્નમાં દુષ્કર્મનો અપરાધ

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

ભારતમાં ૭૫ ટકા સ્ત્રીઓ મેરીટલ રેપનો ભોગ બને છે જે પુનામાં પોપ્યુલેશ ફંડના અહેવાલમાં સ્પષ્ટ જણાવેલ છે પરંતુ ભારતની સામાજીક પ્રથા અને પોલીસ તંત્ર મેરીટલ રેપના કાયદાની વિરૂધ્ધમાં છે

ઈન્ડીયન પીનલ કોડની કલમ ૪૯૮ (એ) નો ઉદ્દેશ પરણિત સ્ત્રીને દહેજના દુષણથી રક્ષણ આપવાનો છે પરંતુ તેનો વ્યાપક ઉપયોગ સાસરીયાને, પતિને ત્રાસ આપવા સામે થતા કુટુંબપ્રથા તુટી રહી છે. ૨૦૦૫ માં ડોમેસ્ટ્રીક વાયલન્સ એકટનો ઉદ્દેશ મહિલાના શારિરીક શોષણ સામે રક્ષણ આપવાનો હતો પરંતુ તેના કારણે પતિ, પત્નીના નાના ઝઘડાઓમાં પણ પોલીસ કેસો થતા લગ્નજીવન તુટવા લાગેલ નારી વાદી સંસ્થાઓએ લગ્નજીવનમાં થતા દુષ્કર્મને મેરીટલ રેપમાં સમાવેશ કરવાની માંગણી સામે સરકાર ઝુકતા હવે નવા કાયદામાં ફેરફાર થશે તેનાથી વેર વાળવાનો ઉદ્દેશ પત્નીનો સિધ્ધ થશે અને એક નવું કાયદાકીય હથિયાર સ્ત્રીના હાથમાં આવશે.

મહિલાઓ સાથેના દુષ્કર્મના કેસમાં સજા કરવાની જોગવાઈ ઈન્ડીયન પીનલ કોડની કલમ ૪૭૫ માં છે આ કલમમાં સ્પષ્ટ જણાવેલ છે કે જો કોઈ પુરૂષ પોતાની ૧૫ વર્ષથી નાની નહી તેવી પત્ની સાથે જાતીય સમાગમ અથવા વ્યવહાર કરે તો તેને રેપ ગણી શકાય નહી. આ મુજબ લગ્નજીવનમં કરવામાં આવતા કોઈ પણ પ્રકારના જાતીય સંબંધનો સમાવેશ રેપની વ્યાખ્યામાં કરવામાં આવતો નથી.

જસ્ટીસ વર્મા પંચની ભલમાણ મુજબ આવા કથીત દુષ્કર્મને સજાપાત્ર ગુન્હો બનાવવાની ભલામણ કરી હતી. ભારતના કયદા પંચે પોતાના ૧૭૨ માં અહેવાલમાં જસ્ટીસ વર્મા પંચની ભલામણને ડુકરાવી હતી.

મેરીટલ રેપ એ વિદેશથી આયાત થયેલ છે. યુએન કમીટી ઓ એલીમોનેશન ઓફ ડિસ્ક્રીમીનેશન અગેઈન્સ વુમન નામની સંસ્થાએ ભારતમાં મેરીટલ રેપ ની જોગવાઈ માટે ઝુંબેશ ઉપાડેલ. ભારતમાં ૭૫ ટકા સ્ત્રીઓ મેરીટલ રેપનો ભોગ બને છે જે પુનામાં પોપ્યુલેશ ફંડના અહેવાલમાં સ્પષ્ટ જણાવેલ છે પરંતુ ભારતની સામાજીક પ્રથા અને પોલીસ તંત્ર મેરીટલ રેપના કાયદાની વિરૂધ્ધમાં છે. મેરીટલ રેપ ગણવામાં આવે તો ભારતના ૧૮ વર્ષથી ઓછી વયની પત્ની ધરાવતા તમામ પુરૂષ જેલ ભેગા થઈ જાય અને લગ્ન સંસ્કારના તથા સામાજીક રીત રીવાજ, રૂઢીનો નાશ થાય કોઈપણ સ્ત્રી પુરૂષ સાથે લગ્ન ગ્રંથીથી જોડાય ત્યારે માની લેવામાં આવે છે કે પોતાના પત્નીનો જાતીય આવેગ સંતોષવાનો કાયદાકીય પરવાનો મળી ગયેલ ગણાય છે.

હિન્દુ લગ્ન ધારા મુજબ હિન્દુ નિબંધની વ્યાખ્યા મુજબ પણ પતિને પોતાની પત્નીનો દેહ ભોગવવાનો લગ્નથી કાનુની અધિકાર મળે છે. કોઈ પત્ની લગ્ન બાદ આ માટે તૈયાર ના થાય તો પતિ કોર્ટનો સહારો લઈ શકે છે ઘણા ચુકાદાઓ પતિની તરફેણમાં આવેલ છે. મેરીટલ રેપ દુનિયાના ૨૦૦ દેશમાંથી ૧૦૪ દેશોએ અપનાવેલ કાયદો છે. દુનિયાના ૯૬ દેશો આની તરફેણમાં નથી. ઇગ્લેંડે ૧૯૯૧ માં આ કાયદો પસાર કરેલ, મલેશીયાએ ૨૦૦૭ માં અનુસર્યા છે, ભારતમાં હજુ આની વિચારણા ચાલે છે.